# સોશ્યલ મિડીયામાં મોદીનું એકચક્રી શાસન, કોંગ્રેસ એટલી જ પાછળ છે

## ભાજપના ૯૫ અને કોંગ્રેસના ૮૫ હોય તો વિધાનસભા કેવી જામી જાય !

સોશ્યલ મિડીયામાં મોદી કોઈપણ બોલે તેની નોંધ લેવાય છે અને તે ફોરવર્ડ પણ એટલી જ થાય છે. મોદી ભકત એવા સોશ્યલ માસ્ટર્સ એ ખબર




એટલી ઝડપથી ફેલાવી દે છે કે સામાન્ય લોકોને પણ આશ્ચર્ય થાય છે. કોંગ્રેસનું સોશ્યલ મિડીયા પ્રત્યે ઘણી કમજોર છે. સોશ્યલ મિડીયામાં મોદીની પ્રસંશા છે ત્યારે આ બન્ને મહાનુભાવો ચૂપ છે. લોકોને દિવસે તારા બતાવીને પ્લગ ખેંચી લેવો તે આનું નામ.. રાજકીય નેતાઓ ક્યારે શું બોલે અને ક્યારે શું કરે તે કંઈ કહેવાય નહીં. બાબા રામદેવનું પણ એવું જ છે. કોંગ્રેસને ચૂંટણી સમયે બદનામ કર્યા પછી હવે તેમની બોલતી બંધ થઈ ચૂકી છે...

## ઉદ્યોગપતિઓ ખેતરોમાં રૂપિયા રોકે તો ખેડૂતોની આત્મહત્યા ઘટી શકે

અને રાહુલ ગાંધીની ટીકા કેમ થાય છે?.. પાર્ટીએ મનોમંથન કરવું પડશે. આ ટીકાઓ સામે પ્રત્યુત્તર આપનારી મજબૂત ટીમ કોંગ્રેસ પાસે નથી. ભારતનું સુકાન હાલ મોદી સંભાળી રહ્યા છે, તેમનું બીજું એકચક્રી શાસન સોશ્યલ મિડીયામાં પણ છે. ગુગલ પર સર્ચ કરો તો મોદીના હજારો ફોટા મળે છે. કોંગ્રેસના વીપી રાહુલ ગાંધી કે સોનિયા ગાંધી સર્ચ કરો તો ખૂબ ઓછા ફોટા છે, એનો સીધો મતલબ એ થયો કે પોતાના સ્ટાર નેતાઓને પોપ્યુલર કરવામાં કોંગ્રેસનું ઓર્ગેનાઈઝેશન જોજનો પાછળ છે. ફેસબુક, ટ્વિટર, વોટ્સએપ, ગુગલ પ્લસ, લિંકડઈન, વાઈબર, ઈસ્ટાગ્રામ, બ્લોગ, વેબસાઈટ આ તમામ હાલના સોશ્યલ ઈક્વિપમેન્ટ કોંગ્રેસની સમજની બહાર હોય તેમ લાગે છે...

**બાબા રામદેવનો ટેક્સ ક્યાં ગયો? ...**

લોકસભાની ચૂંટણી વખતે યોગગુરૂ બાબા રામદેવ તેમજ ભાજપના સિનિયર નેતા યશવંતસિંહા

**ACS: ખાલી જગ્યા ૩ અને દાવેદાર ૬ ...**




ગુજરાત સરકારમાં એડીશનલ ચીફ સેક્રેટરી ACSના પ્રમોશન ડ્યુ છે. ખાલી પડેલી ત્રણ જગ્યા ભરવાની થાય છે પરંતુ પ્રેમકુમાર ગેરા અને

## યોગ નેતા બાબા રામદેવને પૂછો : બેન્કીંગ ટ્રાન્ઝેક્શન ટેક્સ ક્યાં ગયો ?

ઉછળી ઉછળીને કહેતા હતા કે ભારતમાંથી ઈન્કમટેક્સ, સર્વિસ ટેક્સ અને એક્સાઈઝ ટેક્સ જેવા તમામ કર નાબૂદ કરીને માત્ર એક જ બેન્કીંગ ટ્રાન્ઝેકશન ટેક્સ ૨% લેવો જોઈએ. એ સમયે ચૂંટણી હોવાથી ભાજપના ટોચના નેતાઓએ આવા સૂચનને સ્વિકાર્યું હતું પરંતુ સત્તા હાથમાં આવતા જ ટેક્સ ઘટાડવાની જગ્યાએ વધારવામાં આવી રહ્યા છે. ક્યાં ગયા બાબા અને ક્યાં ગયા યશવંતસિંહા, સરકારને કેમ યાદ કરાવતા નથી. આવતા વર્ષે જીએસટીનો અમલ થવાના

ગિરીશચંન્દ્ર મુર્મુ ભારત સરકારમાં જોડાતા દાવેદારોની સંખ્યા છ જેટલી થઈ છે. સચિવાલયના સૂત્રો કહે છે કે આગામી મે મહિનામાં એસીએસ કક્ષાના આ પ્રમોશન આપી દેવામાં આવશે. છ દાવેદારોમાં સુજીત ગુલાટી, અનિલ મુકીમ, અતનુ ચક્રવર્તી, ડી. એન. પાંડે, એ. એમ. તિવારી અને પુનમચંદ પરમારનો સમાવેશ થાય છે. સિનિયોરિટી પ્રમાણે સુજીત, અતનુ અને મુકીમને આ પ્રમોશનની તક મળી શકે તેમ છે...

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના તાપમાનમાં બે ડીગ્રીનો વધારો

## જનજીવન પર ભારે અસર : ગરમીનો પારો ૪૩ સુધી પહોંચે તેવા અનુમાનો, વીજળી-પાણીની માંગમાં ભારે વધારો નોંધાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૪૧.૮ ડિગ્રી પર પહોંચતાં જ પાટનગરવાસીઓએ રજાના દિવસે ઘરમાં જ રહેવાનું પસંદ કર્યુ હતું.

લગ્નસરાની મોસમનો પ્રારંભ થયો હોવા છતાં ગરમીના પારાએ લોકોને ઘરમાં રહેવાની ફરજ પાડી હતી. ગરમીના પારાની સાથે પવન પણ ગરમ વાતો હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા.

ગઈ કાલ કરતાં આજે બે ડિગ્રી ગરમીનો પારો ઉંચકાયો હતો. આ પારો હજુ પણ આગામી એક બે દિવસમાં વધી ૪૩ સુધી પહોંચી શકે તેવી શકયતાઓ છે. હવામાન ખાતાના સૂત્રોના કહેવા પ્રમાણે સોમવારે ગરમીનો પારો ૪૨ ડિગ્રીની આસપાસ રહે તેવી સંભાવનાઓ છે.

હીટ વેવના આ બીજા તબક્કામાં પાણીની માંગમાં ભારે વધારો થવા પામ્યો છે. લોકોને પાણીની તરસ છીપાતી નથી. આજે તાપમાનમાં ભેજનું પ્રમાણ પણ વધુ હોવાથી



(તસવીર : દિપક જાની)

બફારાનો ભારે અનુભવ થતો હતો.

વધતી જતી ગરમીને કારણે પંખા વહેલી સવારથી જ ઓન કરી દેવા પડે છે. આ પંખાની હવા બપોરના સમયે ગરમ લાગતી હોય છે.

રાત્રિના સમયે ભેજનું પ્રમાણ ૬૪ ટકા જેટલું રહ્યું હતું જયારે દિવસ દરમિયાન તે પ્રમાણ ઘટીને ૨૪ ટકા જેટલું નોંધાયું હતું. જે ગરમીની તીવ્રતા કેટલી હતી તે દર્શાવે છે.

આવતીકાલે પણ આકાશ સ્વચ્છ રહેશે તેમ હવામાન ખાતાનું કહેવું છે. હવામાન ખાતાએ ગુરુવાર સુધી હીટવેવ રહેવાની આગાહી કરી છે જે ઉલ્લેખનીય છે.

# એન.એસ.જી. સેન્ટર માટે આજે ઉચ્ચ સ્તરીય ટીમ ગાંધીનગર આવે છે

## સરકારે રાંદેસણમાં ૧૫ એકર જેટલી જમીન ફાળવી છે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ રાંદેસણ ગામ નજીક નિર્માણ પામનાર એન.એસ.જી. હબ માટે જમીનની ચકાસણી માટે આજે એક ઉચ્ચ સ્તરીય ટીમ ગાંધીનગર આવી રહી છે.

ચાર સભ્યોની બનેલી આ ટીમ સવારે વિમાન માર્ગે અમદાવાદ આવી પહોંચશે અને નવ વાગ્યાના સુમારે ટીમ રાંદેસણ ખાતે ફાળવેલી જમીનની જગ્યા પર આવી તેની સમીક્ષા કરશે.

શ્રી આલોકકુમાર (આઈ.પી.એસ.) શ્રી જે.જે. આર. મીના, શ્રી એસ.એસ. દહીયા (ગૃપ કમાન્ડર) અને શ્રી જી.એસ. શર્મા (સ્કવોડ્રન લીડર)ની બનેલી આ ટીમ જગ્યાની મુલાકાત પછી સીધી અમદાવાદ પરત ફરશે.

મળતી વિગતો મુજબ આ હબ અત્યંત આધુનિક સુવિધા સજ્જ બનાવવામાં આવશે. આ માટે ભારત સરકાર દ્વારા સપૂર્ણ ખર્ચ કરવામાં આવશે.

રાજય સરકારે રાંદેસણ ખાતે ૧૫ થી ૨૦ એકર જમીન આ એન.એસ.જી. હબ માટે ફાળવવાના હુકમો કરેલ છે જે ઉલ્લેખનીય છે. એન.એસ.જી.ની આ ઉચ્ચ સ્તરીય ટીમની મુલાકાત બાદ તેની ડિઝાઈન અને અન્ય આનુસંગિક કામગીરી હાથ પર લેવામાં આવશે.

# જગ્યાની ફાળવણીના અંતે પણ નિગમોના ગોડાઉન બનતા નથી

## મહાત્મા મંદિરના નિર્માણ દરમિયાન નિગમોના ગોડાઉનો તોડી પાડવામાં આવ્યા હતા : ચરેડી વિસ્તારમાં જગ્યા ફળવાઇ પરંતુ હજુ સુધી ઠેકાણું પડયું નથી

ગાંધીનગર, તા.૨૬

મહાત્મા મંદિરના નિર્માણ દરમિયાન બીજ નિગમના ગોડાઉન તોડી પાડવામાં આવ્યા હતા જેના અંતે સરકાર દ્વારા નિગમોના ગોડાઉન માટે ચરેડી વિસ્તારમાં જગ્યા ફાળવવામાં આવી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ જગ્યાનો કબજો ન અપાતા ઠેકાણુ પડયું નથી. એકબાજુ સરકાર કૃષિક્ષેત્રે પ્રોત્સાહક નિતી અપનાવાતી હોવાનો દાવો કરે છે.આમછતા નિગમોના ગોડાઉન તોડી નખાયા બાદ પણ જમીન ફાળવણીનો મામલો હજુ અધ્ધરતાલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# વિધિ પેટ્રોલિયમ

ઘ-૨ આયોજીત

## કૃતજ્ઞ ભેટ યોજનાનો લકી ડ્રો યોજાયો




ગાંધીનગર શહેરના હાર્દસમા વિસ્તાર ઘ-૨ પાસે આવેલ વિધિ પેટ્રોલિયમ દ્વારા આયોજીત કૃતજ્ઞ લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું

આ લકી ડ્રો પ્રસંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, સરદાર પટેલ, જળસંચય યોજનાના ચેરમેનશ્રી ગણેશભાઈ ચૌધરી, ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી જયેશભાઈ પટેલ, આઈ.ઓ.સી. કંપનીના રિટેઈલ મેનેજરશ્રી સચીન ખુરાનાજી તેમજ ડેપ્યુટી મેનેજરશ્રી જી. એસ. વાલા વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

આ લકી ડ્રોમાં સે.૨૧ના રહીશ શ્રી આર. ડી. પટેલની જેમ્બો કુપન નં. ૬૨૨૨૯ને ટાટા નેનો કારનું ઈનામ ઘોષિત થતાં તેમને કારની ચાવી મહાનુભાવોના હસ્તે અનેચાત કરવામાં આવી હતી. તેમણે આ ઈનામ સ્વીકૃતિના પ્રતિભાવમાં વિધિ પેટ્રોલિયમ અને આઈ.ઓ.સી.ની સેવાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી આનંદ વ્યક્ત કર્યો હતો.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com